Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

એસ.સી.-એસ.ટી.સેલ,યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,રાજકોટ -૩૬૦૦૦૫
ફોન નં.:-(૦૨૮૧) ૨૫૭૮૫૦૧ / એક્સટે. નં. ૨૧૨
ઈ-મેઈલ : scstcell@sauuni.ac.in

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૧૩૪/૨૦૨૦ તા.૦૭/૧૨/૨૦૨૦

વિષય:- ડીજીટલ ગુજરાત સ્કોલરશીપ પોર્ટલ ની કામગીરી બાબત.

<u>પરિપત્ર</u> :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ ને જણાવવામાં આવે છે કે અનામત વર્ગના વિદ્યાર્થીઓ ની શિષ્યવૃત્તિ ની દરખાસ્ત / અરજી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન કરવાની થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના વિદ્યાર્થીઓ માટે **AISHE** કોડ ને ધ્યાને લઈ **AISHE** ના નોડલ ઓફીસર અને આંકડા અધિકારીશ્રી ના ઓફિસિયલ મોબાઈલ નંબર ૯૦૯૯૯૩૯૪૨૫ નો ઉપયોગ કરવાનો થાય છે. તમામ ભવનોના વિદ્યાર્થીઓ માટે આ એક માત્ર મોબાઈલ નંબર થી વિગતો અપલોડ કરવાની થાય છે તેથી જો કોઈ ભવન દ્વારા શરતચૂકથી પોતાના મોબાઈલ નંબર થી પોર્ટલ પર લોગઇન થાય તો તે ભવન સિવાય અન્ય કોઈ ભવનોને આ બાબતની જાણકારી ન હોવાના કારણે સ્કોલરશીપ ની અપલોડ ની કામગીરી ઠપ્પ થઇ જાય છે. આથી સર્વે ભવનો દ્વારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ૯૦૯૯૯૩૯૪૨૫ નો જ ઉપયોગ કરવામાં આવે તેની ખાસ કાળજી લેવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

સ્કોલરશીપ ની ડીટેઈલ્સ અપલોડ કરતા પહેલાં નીચે મુજબ ની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) ભવન દ્વારા લોગઇન થવા માટે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ૯૦૯૯૯૩૯૪૨૫ પર જે **OTP** આવે તે માંગ્યા પછી જ લોગઇન થઈ શકાશે.

(૨) લોગઇન થતાં પહેલા નોડલ ઓફીસરશ્રી નું ટેલીફોનીક ધ્યાન દોરવામાં આવે જેથી નોડલ ઓફીસરશ્રી દ્વારા જે તે સંબંધિત ભવન ને **OTP** જણાવી શકે.

(3) https://www.digitalgujarat.gov.in પોર્ટલ પર લોગઇન થવા માટે **CODE** તથા **USER ID** નીચે મુજબ છે.

**AISHE CODE / USER ID: 151**

**PASSWORD:** ભવન અધ્યક્ષશ્રી ને ટેલીફોનીક જણાવવામાં આવશે.

સ્કોલરશીપ ની ડીટેઈલ્સ સમય મર્યાદામાં પોર્ટલ પર અપલોડ કરવાની થતી હોય આ બાબત ને અગ્રતા આપવા વિનંતી કરવામાં આવે છે.

નાયબકુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ

<u>નકલ સાદર રવાના :</u>
માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના જાણ અર્થે :</u>
(૧) આંકડા સેલ (૨) પી. જી. વિભાગ (૩) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર પ્રસિધ્ધિ અર્થે.)
(૪) જિલ્લાનાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ) ની કચેરી
૭/૩, બહુમાળી ભવન,
રાજકોટ